Volume 1, Issue 7
February
2025

HARIRAJ
CHARITABLE TRUST

NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

સંસ્થાની સમગ્ર ટીમના રીફ્રેશમેન્ટ માટે આ વર્ષે તા. ૨ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી કાશ્મીરના પ્રવાસનું આયોજન થયું. જેમાં પ્રકૃતિના સ્વર્ગ એવા આ વિસ્તારની મુલાકાત કરી નવા જોશ અને ઉમંગ સાથે સંસ્થાની ટીમ નવી તાજગી સાથે અગામી કામોમાં ફરી જોડાઈ.

HARIRAJ CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 1, Issue 6

February 2025

તા.૧૭ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ વડોદરા જીલ્લાના બુજેઠા, લીમપૂરા, આંબલીયા, તલાવપૂરા, બગલીપૂરા, ભાલોદ્રા, વડીયા ગામોમાં માનવ અધિકાર ક્યુ ડીજીલંસ અને ઓછામાં ઓછી ખેડની સમજ ભવાઈના માધ્યમથી આપવામાં આવી.

તારીખ 13 ફેબ્રુંઆરી ના રોજ પીપળીયા અને ટાંકા ગામે સીસી ટીમ દ્વારા ફિલ્ડ મુલાકાત અને FGD કરવામાં આવી હતી.

HARIRAJ CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 1, Issue 6

February 2025

કોટનકનેક્ટ દ્વારા ૨૦ અને ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મુંબઈ ખાતે કૃષિમાં ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનને સમજવા અને નેટ ઝીરો તરફ કામ કરવા માટેની ટૂંકી તાલીમનું આયોજન થયું. આ તાલીમમાં સંસ્થામાંથી મેહુલ વાઘેલા, શૈલેષ રાઠવા અને શૈલેષ વસાવા સહભાગી થયા હતા. ડો. કેશવ ક્રાંતિ, આઈસીએસી, અમેરિકા એ ઉપરોક્ત વિષય પર તાલીમ આપી હતી.

બાળ વિકાસ કેન્દ્ર

મહિના દરમિયાન, સેગવા ગામના બાળ વિકાસ કેન્દ્રમાં, નાનકડા બાળકો માટે ઉત્સાહજનક અને સાહસિક સમય રહ્યો, જેમાં મજેદાર રમતો, કોયડા ઉકેલવા અને માટીકળા સર્જન શામેલ હતું. તેઓએ ભાષા અને સંખ્યાઓ શીખવાની સાથે પૌષ્ટિક ભોજનથી ઊર્જાવાન રહી આનંદ લીધો.

જેન્ડર શિક્ષણ

તાલડા ગામમાં જેન્ડર શિક્ષણનો કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો. કોર્સ દરમિયાન કિશોરોએ સ્થાનિક મુશ્કેલીઓ શોધીને ગામ આગેવાનો સમક્ષ રજુ કરી આ મુદે જરૂરી પગલાઓ લેવા માંગ કરી. જેના પ્રત્યુતરમાં આગેવાનોએ આ બાબતો અગામી ગ્રામસભામાં મુકવાની ખાતરી આપી. આ પહેલ કાર્યક્રમની સફળતાને પ્રતિબિંબિત કરે છે, વળી યુવાનોને તેમની ચિંતાઓ વ્યક્ત કરવા અને સકારાત્મક પરિવર્તન માટે સમુદાયના નેતાઓ સાથે કામ કરવા માટે સશક્ત બનાવે છે. મહિના દરમિયાન મોટા માચિયાળા અને ભાંકોદર ગામે એક્શન કોર્સના ૦૫ અને ૦૬ નંબરના મોડ્યુલ પૂર્ણ કરવામાં આવ્યા.

સેન્ટર ફોર લર્નિંગ આસીસ્ટન્સ

સીએલએ વર્ગોમાં બાળકોએ મહિના દરમિયાન આંગળીની છાપની પ્રિન્ટ, રંગોમેટ્રી, બાલસભા, નૃત્ય, વાર્તા કથન, ટુચકા વગેરે જેવી પ્રવૃતિઓ દ્વારા આનંદપૂર્વકના વાતાવરણમાં શીખવાનો પ્રયાસ થયો.



વાંચન સત્ર

આ મહીને કુલ બે વાંચન સત્રો થયા, જેમાં ૮૪માં સત્રમાં પરિણામલક્ષી કાર્યભારની વહેંચણી (૧૪/૦૨/૨૦૨૫) અને ૮૫માં સત્રમાં પરિણામલક્ષી કાર્યભારની વહેંચણીમાં સ્ટીફન કોવીએ તેમના કુટુંબમાં કાર્યભાર વહેચણીના પ્રયોગ એક ખુબ પ્રેરણાદાયી વાતનું વાંચન થયું (૨૧/૦૨/૨૦૨૫).





લેખન સત્ર

મહિના દરમિયાન બે લેખન સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કાશ્મીર પ્રવાસ, ગાય આધારિત ખેતી, સફળવાર્તા (૧૮/૦૨/૨૦૨૫) મલ્ટી ટાસ્કિંગ (૨૮/૦૨/૨૦૨૫) વિષય પર ચર્ચા કરવામાં આવી હતી.





Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here